પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૦૫ | ૧૭ જાન્યુઆરી, ૨૦૨૦, શુક્રવાર; પોષ વદ - ૦૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પ્રજાસત્તાક દિને હુમલાનું ષડયંત્ર નિષ્ફળ

**જૈશનું ષડ્યંત્ર નિષ્ફળ : ૫ આતંકીઓ ઝડપાયામોટા પ્રમાણમાં વિસ્ફોટકો અને હથિયાર મળી આવ્યા : કાશ્મીરમાં ૨ ગ્રેનેડ હુમલામાં સામેલ હતા આતંકવાદીઓ**



શ્રીનગર,તા.૧૬

૨૬ જાન્યુઆરીનાં જમ્મુ-કાશ્મીરમાં એક મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપવાનું ષડયંત્ર રચી રહેલા જૈશ-એ-મોહમ્મદનાં ૫ આતંકવાદીઓની ગુરૂવારની સાંજે ધરપકડ કરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરની મોટી કાર્યવાહીમાં આ આતંકવાદી શ્રીનગરનાં હજરતબલ વિસ્તારમાંથી અરેસ્ટ કરવામાં આવ્યા છે. તેમની પાસેથી મોટા પ્રમાણમાં વિસ્ફોટક અને અન્ય સામાન પણ મળી આવ્યો છે.

મળતી જાણકારી પ્રમાણે, આતંકવાદીઓનાં એક મોટા મોડ્યૂલનો ભાંડો ફોડતા પોલીસે ગુરૂવારની સાંજે હજરતબલની પાસે આ આતંકવાદીઓની ધરપકડ કરી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, પકડાયેલા આતંકવાદીઓ શ્રીનગરમાં ૨૬ જાન્યુઆરીની આસપાસ ફિદાયીન અથવા આઈઈડી હુમલાનું ષડયંત્ર રચી રહ્યા હતા. આ આતંકવાદીઓ પાસેથી પોલીસે ભારે પ્રમાણમાં વિસ્ફોટકો અન્ય સામાન્ય જબ્ત કર્યો છે.

પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, આ તમામ લોકો ખીણમાં જૈશ-એ-મોહમ્મદ માટે

**અનુસંધાન પાન-૭ પર**

# ત્રાસવાદને અમેરિકી સ્ટાઈલથી જ નાબૂદ કરી શકાય છે : રાવત

**રાયસીના ડાયલોગ પ્રોગ્રામમાં રાવતનું સંબોધન : ત્રાસવાદને નાબૂદ કરવા કડક કાર્યવાહી જરૂરી છે : રાવત**



નવીદિલ્હી, તા. ૧૬

દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપીન રાવતે કહ્યું હતું કે, દુનિયાને આતંકવાદથી મુક્ત કરવા માટે આતંકવાદીઓ અને તેમનો સાથ આપનાર લોકો સામે કઠોર કાર્યવાહી જરૂર છે. નવી દિલ્હીમાં આયોજિત બે દિવસીય સાયસીના ડાયલોગ પ્રોગ્રામમાં જનરલ રાવતે કહ્યું હતું કે, આતંકવાદને અમેરિકાની સ્ટાઈલથી જ હરાવી શકાય છે. આ કાર્યક્રમમાં તેમણે દેશના લોકોને ટક્કર બનાવવા અને કાશ્મીર પેલેટ ગનનો ઉપયોગ કરવા જેવા ગંભીર સવાલોના પણ જવાબો આપ્યા હતા. તેમણે કહ્યુ કે, આપણે આતંકવાદને નાબૂદ કરવાનો રહેશે અને આવું માત્ર એ જ રીતે કરી શકાય છે, જે સ્ટાઈલ અમેરિકાએ ૯/૧૧ના હુમલા બાદ અપનાવી હતી. અમેરિકાએ આતંકવાદની વિરુદ્ધ વૈશ્વિક

**અનુસંધાન પાન-૭ પર**

# ત્રાસવાદીઓને મદદની દેવિન્દરની કબૂલાત

શ્રીનગર,તા. ૧૬

જમ્મુ કાશ્મીર અને પાકિસ્તાનમાં સક્રિય ખતરનાક ત્રાસવાદી સંગઠન હિઝબુલના ત્રાસવાદીઓને પોતાની કારમાં જમ્મુ લઈ જતી વેળા ઝડપાઈ ગયેલા જમ્મુ કાશ્મીર પોલીસના બરખાસ્ત ડીએસપી દેવિન્દર સિંહની પુછપરછ કરવામાં આવી રહી છે. દેવિન્દરની પુછપરછમાં કેટલીક ચોંકાવનારી વિગતો સપાટી પર આવી છે. દેવિન્દરે આરોપ કરતા કહ્યુ છે કે પોલીસ દળમાં તૈનાત રહેલા અન્ય એક પોલીસ અધિકારી ત્રાસવાદીઓ માટે કામ કરી રહ્યા છે. કહ્યુ છે કે દેવિન્દર સિંહે ત્રાસવાદીઓને જમ્મુ લઈ જવા માટે ૧૦ લાખ રૂપિયા લીધા હતા. સિંહે દાવો કર્યો હતો કે અન્ય એક

**ત્રાસવાદીઓની મદદ કરીને મોટી ભુલ કરી હોવાની અંતે અધિકારીની કબુલાત : ૧૦ લાખ લીધા હોવાની કબુલાત : અન્ય એક અધિકારી ત્રાસવાદીની સાથે છે : દેવિન્દર સિંહ**

દેવિન્દરસિંહે કબુલાત કરી છે કે તેઓએ ત્રાસવાદીઓની મદદ કરીને મોટી ભુલ કરી છે. જમ્મુ કાશ્મીર પોલીસના ઉચ્ચ સુત્રોએ પોલીસ અધિકારી હાલમાં ત્રાસવાદીઓની મદદમાં છે. ગયા વર્ષે સિંહ હિઝબુલના ત્રાસવાદી નવીદ બાબુને જમ્મુ લઈને ગયો હતો. તપાસને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ થઈ શકે છે. ૧૧મી જાન્યુઆરીના દિવસે કુલગામ જિલ્લામાં શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે ઉપર એક કારમાં તેમની ધરપકડ કરાઈ હતી. હિઝબુલ કમાન્ડર સઈદ નવીદ, એક બીજા ત્રાસવાદી રફી રૈદર અને હિઝબુલના અન્ય એક શખ્સ સાથે તેમની ધરપકડ કરાઈ હતી. પુલવામા હુમલામાં ત્રાસવાદીઓની મદદ કરવાનો પણ તેમના ઉપર આક્ષેપ કરાયો હતો જેમાં ૪૦ જવાન શહીદ થયા હતા. શ્રીનગરમાં ઈન્દિરાનગરના તેમના આવાસ ઉપર તપાસ કરવામાં આવ્યા બાદ કેટલીક ચીજવસ્તુઓ મળી આવી છે. તે આતંકવાદીઓના હેન્ડલરો સાથે સંપર્કમાં હતા.

## બેંક કર્મીઓ ૩૧ જાન્યુ. અને ૧ ફેબ્રુઆરી હડતાળ પર ઉતરશે

ન્યુ દિલ્હી,તા.૧૬

ફાઈનાન્સ મંત્રી નિર્મલા સીતારમણ માટે હાલ બજેટ સહિત અનેક બાબતોના સ્ટ્રેસની વચ્ચે આ વખતે બેંક કર્મચારીઓના વિરોધનું પણ ચેલેન્જ હશે. ૧ ફેબ્રુઆરીના રોજ જ્યારે ફાઈનાન્સ મંત્રી નિર્મલા સીતારમણ સંસદમાં બજેટ રજૂ કરી રહ્યાં હશે, તે સમયે દેશની તમામ બેંકોના કર્મચારીઓ કામકાજ છોડીને વિરોધ પ્રદર્શન કરી રહ્યાં હશે. બેંક યુનિયનોએ એકવાર ફરીથી ૩૧ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી સુધી હડતાળ કરવાનો નિર્ણય લઈ લીધો છે.

## કાશ્મીર મુદ્દે પાકિસ્તાનને વધુ એક લપડાક

ન્યુયોર્ક,તા.૧૬

જમ્મુ કશ્મીર મુદ્દે પાકિસ્તાનને વધુ એક લપડાક પડી હતી. યુનોની સિક્યોરિટી કાઉન્સિલમાં પાકિસ્તાનના દોસ્ત ચીને રજૂ કરેલા આ અંગેના પ્રસ્તાવને વિશ્વના દસ સમર્થ દેશોએ ફગાવી દીધો હતો. ચીને યુનોની સિક્યોરિટી કાઉન્સિલની બેઠકમાં એની અધર બિઝનેસ વિભાગ હેઠળ જમ્મુ કશ્મીરનો મુદ્દો ઊઠાવ્યો હતો પરંતુ વિશ્વના દસ સમર્થ દેશોએ હવે આ મુદ્દે કોઈ ચર્ચાની જરૂર નથી એમ કહીને આ પ્રસ્તાવને ઊડાવી દીધો હતો.

## સિરીયાની શાક માર્કેટમાં બોમ્બ બ્લાસ્ટ

ન્યુ દિલ્હી,તા.૧૬

સિરીયની સરકાર દ્વારા સમર્થિત બૉમ્બીંગમાં ૨૧ લોકોના મોત થયા છે. સિરીયાના ઉત્તર પશ્ચિમ વિસ્તારના ઈદલિબમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. સિરીયન સિવિલ ડિફેન્સ જેમને વ્હાઈટ હેલ્મેટ તરીકે પણ ઓળખવામાં આવે છે. બુધવારે અરિહા વિસ્તારની એક શાકભાજી માર્કેટમાં એર સ્ટ્રાઈક થઈ હતી અને બેરલ બોમ્બ પડ્યા હતા.

# રાજનાથ સિહે ૫૧મી કે-૯ વજ-ટી ગનને લીલીઝંડી આપી

**એલએન્ડટીનાં આર્મર્ડ સિસ્ટમ કોમ્પ્લેક્સમાં રક્ષામંત્રી : કે-૯ વજ-ટી ગનના કારણે સેનાની શકિત અને શૌર્ય વધુ મજબૂત થશે : કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ**

અમદાવાદ, તા.૧૬

રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહે આજે એલએન્ડટીના આર્મર્ડ



સીસ્ટમ કોમ્પ્લેક્સમાંથી ૫૧મી વજ-ટી ગનને લીલી ઝંડી આપી હતી. કે-૯ વજ-ટી પ્રોગ્રામમાં પ્રથમ ૫૦ ગનની નિયત સમયમર્યાદા અગાઉ ડિલિવરી કરવાનાં ટ્રેક રેકોર્ડને જાળવી રાખીને ૫૧મી ગનને કરારબદ્ધ ડિલિવરી તારીખના મહિનાઓ અગાઉ રવાના કરવામાં આવી હતી, જે એલએન્ડટી ડિફેન્સની ટેકનિકલ ક્ષમતા, કોમ્પ્લેક્સ સિસ્ટમ ઈન્ટિગ્રેશન સ્કિલ્સ, આયોજનની ક્ષમતા અને અમલીકરણમાં કુશળતાનો પુરાવો છે. કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથસિંહે કે-૯ વજ-ટી ગનના લીધે સેનાની શકિત અને શૌર્ય વધુ મજબૂત બનશે અને સેનાના જવાનોની સરાહના કરી હતી. આ પ્રસંગે એલએન્ડટીનાં ગ્રૂપ ચેરમેન શ્રી એ એમ નાયકે કહ્યું હતું કે, અમારી ડિફેન્સ ટીમે ગુણવત્તાનાં સચોટ સ્તર ધરાવતી અદ્યતન વેપન સિસ્ટમનું નિર્માણ કરવામાં અને સમયસર ડિલિવરી કરવામાં એક વાર ફરી એલએન્ડટીની એન્જિનીયરિંગ અને અમલીકરણ ક્ષમતાને પ્રદર્શિત કરી છે. હઝિરા ઉત્પાદન સંકુલ વિવિધ આંતરરાષ્ટ્રીય ટેકનોલોજી અને ઉત્પાદનના માપદંડો ધરાવે છે. આ પ્રસંગે એલએન્ડટીનાં સીનિયર ઈવીપી અને બોર્ડના મેમ્બર શ્રી જે ડી પાટિલે જણાવ્યું હતું કે, કે-૯ વજ જેવા પ્લેટફોર્મ પ્રોગ્રામનું નિર્માણ કરવાથી મોટી બહુસ્તરીય અસર સાથે અર્થતંત્રમાં પ્રદાન થયું છે અને દેશમાં સંરક્ષણ ઉદ્યોગનો આધાર ઊભો કરવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે.

# ભારતીય વિચાર ગતિશીલ, વિવિધતા વાળો છે : નરેન્દ્ર મોદી

**સ્વામી વિવેકાનંદના યોગદાનને ભુલી ન શકાય : નફરત, હિંસા, સંઘર્ષ અને ત્રાસવાદથી મુક્તિની રાહ જોઈ રહેલા વિશ્વ માટે ભારતીય જીવન શૈલી આશાની કિરણ છે : મોદી**

કોઝીકોડે, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું હતું કે, નફરત, હિંસા, સંઘર્ષ અને આતંકવાદથી મુક્તિની રાહ જોઈ રહેલી દુનિયા માટે ભારતીય જીવન શૈલી આશાની કિરણ છે. તેમણે કહ્યું હતું કે, સંઘર્ષોને તાકાતની જગ્યાએ વાતચીતની શક્તિથી ટાળવાની ભારતીય શૈલી છે. આઈઆઈએમ કોઝીકોડેમાં ગ્લોબલાઈઝિંગ ઈન્ડિયન થોટ વિષય પર બોલતા વડાપ્રધાને કહ્યું હતું કે, સદીઓથી ભારતની ધરતીએ દુનિયાનું સ્વાગત કર્યું છે. જ્યાં તમામ સભ્યતાઓ સમૃદ્ધ થઈ શકી નથી જ્યારે આપણી સભ્યતા ફુલી-ફાલી રહી છે કારણ કે, અહીં શાંતિ અને સદ્‌ભાવના દર્શન થાય છે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ઘૃણા, હિંસા, સંઘર્ષ અને આતંકવાદથી મુક્તિની રાહ જોઈ



રહેલી દુનિયાને ભારતની જીવન શૈલી આશાની કિરણ આપે છે. સંઘર્ષને તાકાતથી નહીં પરંતુ વાતચીતની શક્તિથી ટાળવાની ભારતીય કળા છે. આ પહેલા વડાપ્રધાને આઈઆઈએમ કેમ્પસમાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાનું અનાવરણ પણ કર્યું હતું. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, ભારતીય વિચાર ગતિશીલ અને વિવિધતાવાળો છે. તેમણે કહ્યું હતું કે, કેટલાક આદર્શ ભારતીય મૂલ્યોનું કેન્દ્રીય બિંદુ બનેલું છે.

# "આપકી સરકાર આપકે દ્વાર" અંતર્ગત ૩૬ મંત્રીઓ કાશ્મીરની મુલાકાત લેશે

**તમામ મંત્રી ૧૮ જાન્યુઆરીથી એક સપ્તાહ માટે કાશ્મીર અને જમ્મુના અલગ અલગ સ્થળોની મુલાકાત લેશે, સ્મૃતિ ઇરાની કટરા અને રિયાસી જિલ્લામા બેઠક યોજશે**

ન્યુ દિલ્હી,તા.૧૬

કેન્દ્ર સરકારે, જમ્મુ-કાશ્મિરમાં પાંચ મહિના પહેલા કલમ ૩૭૦ હટાવ્યાં બાદ અને હવે એ રાજ્યમાં ઈન્ટરનેટ સહિતની અન્ય સુવિધાઓ પણ ધીમે ધીમે કાર્યરત થઈ ગઈ છે ત્યારે "આપકી સરકાર આપકે દ્વાર"...ની નીતિ અપનાવીને કાશ્મિરીઓ સાથે સીધો સંપર્ક કરવાનું આયોજન કર્યું છે. જે હેઠળ અંદાજે ૩૬ મંત્રીઓ કાશ્મિરનો પ્રવાસ ખેડશે અને સરકાર તેમના પ્રત્યે સંવેદના ધરાવે છે તેવો સંદેશો અને લાગણી વ્યક્ત કરશે. અને તેમનો વિશ્વાસ મેળવવાનો પ્રયાસ કરશે.

સૂત્રોએ આ અંગે જણાવ્યું કે, જમ્મુ -કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હટાવ્યા બાદ પહેલી વખત સ્થિતિની સમીક્ષા કરવા અને લોકો સાથે સંપર્ક વધારવા માટે મોદી સરકાર ૩૬ મંત્રીઓને આ સપ્તાહે ખીણ પ્રદેશમાં મોકલી રહી છે. મંત્રીઓનો આ પ્રવાસ ૧૮મી જાન્યુઆરી એ શરૂ થશે.

કાશ્મીર ખીણ પ્રદેશમાં માત્ર પાંચ મંત્રી જી. કિશન રેડ્ડી, રવિશંકર પ્રસાદ, શ્રીપદ નાઈક, નિરંજન જ્યોતિ અને રમેશ પોખરિયાલ સ્થાનિક લોકોને સંબોધિત કરશે, સાથે જ અન્ય મંત્રીઓ જમ્મુના વિવિધ જિલ્લાઓની મુલાકાત લેશે. ગત વર્ષે ૫ ઓગસ્ટે વિશેષ દરજ્જો ખતમ કર્યા બાદથી સરકાર કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય કરવામાં લાગી ગઈ છે. ૧૫ જાન્યુઆરીથી અહીંયા ઈન્ટરનેટ અને બ્રોડબેન્ડ સર્વિસ શરૂ કરી દેવાઈ હતી. જમ્મુ- કાશ્મીરના મુખ્ય સચિવ બીવીઆર સુબ્રમણ્યમે ૧૪ જાન્યુઆરીએ ગૃહ રાજ્ય મંત્રી જી. કિશન રેડ્ડીને પત્રમાં કહ્યું કે, ગૃહમંત્રી અમિત શાહની ઈચ્છા છે કેન્દ્રીય મંત્રી પરિષદના તમામ સભ્યો આ યાત્રા માટે આગળ આવે. અને પ્રવાસ કરે. આ પ્રવાસનો હેતું રાજ્યના લોકોને અનુચ્છેદ ૩૭૦ હટાવ્યા બાદ કેન્દ્રસરકાર દ્વારા શરૂ કરાયેલા કાર્યક્રમો અંગે જણાવવાનું છે.

## ભુવનેશ્વર-લોકમાન્ય તિલક એક્સપ્રેસ ટ્રેન ખડી પડી

કટક,તા.૧૬

ઓરિસાના કટક વિસ્તારમાં ગુરૂવારે સવારે ગાઢ ધૂમ્મસના પગલે મુંબઈ-ભુવનેશ્વર ટ્રેન આગળ ઊભેલી એક માલગાડી સાથે ટકરાઈ જતાં ગંભીર અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૪૦ ઉતારુને નાનીમોટી ઈજા થઈ હતી.

ઈજાગ્રસ્તોને નજીકની હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. કટક પાસે આવેલા નરગુંડી રેલવે સ્ટેશને મુંબઈ-ભુવનેસ્વર લોકમાન્ય ટિળક ટ્રેને એજ ટ્રેક પર આગળ ઊભેલી એક માલગાડીને જોરદાર ટક્કર મારી દીધી હતી.

ટક્કર એટલી જોરદાર હતી કે મુંબઈ ભુવનેશ્વર ટ્રેનના સાત ડબ્બા પાટા પરથી ઊતરી ગયા હતા. સાતમાંના પાંચ ડબ્બા પૂરેપૂરા ટ્રેક પરથી ઊતરી ગયા હતા જ્યારે બીજા બે અર્ધાપર્ધા ઊતરી ગયા હતા.

અકસ્માતને જોવા નવરા લોકોની ભીડ ન થાય અને રાહત કાર્યમાં અડચણ ન પડે એવા હેતુથી રેલવે અધિકારીઓએ આખાય વિસ્તારને ચારે તરફથી બંધ કરી દીધા હતા.

ટ્રેન અકસ્માતને પગલે અન્ય ટ્રેનોને પણ અસર થઈ છે. કેટલીક ટ્રેનોનું શિડ્યુલ ખોરવાયું છે. લોકમાન્ય તિલક એક્સપ્રેસને હાલ પાટા પરથી ઉતારવાનું કામ ચાલી રહ્યું છે, જેને પગલે કેટલીક ટ્રેનોનો રુટ ડાયવર્ટ કરાયો છે.

## બિહારમાં નીતિશકુમારના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડીશું : અમિત શાહ

પટના,તા.૧૬

બિહારના વૈશાલીમાં એનઆરસી અને સીએએના સમર્થનમાં યોજાયેલા એક કાર્યક્રમાં હાજર રહેલા અમિત શાહે એક જનસભાને સંબોધન કરતા કહ્યુ હતુ કે, કોંગ્રેસે ધર્મના આધારે દેશનુ વિભાજન કર્યુ છે.સીએએને લઈને જે પણ ગેરસમજ છે તે દુર કરાશે.આ માટે ભાજપે શરુ કરેલા અભિયાનને બિહારમાં જોરદાર પ્રતિસાદ મળ્યો છે.

તેમણે કહ્યુ હતુ કે, હ્યુમન રાઈટના રખેવાળોને મારે કહેવુ છે કે, જે હજારો લોકોની સાથે રેપ

**અનુસંધાન પાન-૭ પર**

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225